# ડૉ. બલજીત સિંઘ ધ્વારા મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે જુદા જુદા શાકભાજી પાકોનું પ્રાકૃતિક ખેતી મોડયુલની મુલાકાત

મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે જુદા જુદા ૨૧ પ્રકારના શાકભાજી પાકોનું વાવેતર કરીને પ્રાકૃતિક ખેતી મોડયુલ કરવામાં આવેલ છે. આ પ્રાકૃતિક ખેતી મોડયુલ ની સ્થળ મુલાકાત માટે મુખ્ય અતિથિ વિશેષ ડૉ. બલજીત સિંઘ અને તેમની સાથે આણંદ કૃષિ યુનિવર્સિટીના સહ સંશોધન નિયામકશ્રી ડૉ. એસ. એન. શાહ તેમજ શસ્ય વિજ્ઞાનના પ્રાધ્યાપક અને વડાશ્રી ડૉ. વી. જે. પટેલ સ્થળ પર રૂબરૂ હાજર રહી દિનાંક ૨૨/૧૨/૨૦૨૩ ના રોજ મુલાકાત કરી હતી. સદર મુલાકાત દરમ્યાન મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના વડાશ્રી ડૉ. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક(શાકભાજી), ડૉ. સી. કે. બોરડ (સહ સંશોધન વૈજ્ઞાનિક), ડૉ. એન. એ. પટેલ (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક), ડૉ. એમ. એમ. પંડયા (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક) અને શ્રી કે. જે. વેકરીયા (સીનીયર રીસર્ચ આસીસ્ટંટ) પણ હાજર રહેલ હતા. અત્રેના કેન્દ્રના વડાશ્રી ડૉ. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક(શાકભાજી) દ્વારા આવેલ મહેમાનોનું સ્વાગત કરીને તેમણે પ્રાકૃતિક ખેતી મોડયુલ આધારિત તૈયાર થયેલ જુદા જુદા ૨૧ પ્રકારના શાકભાજી પાકોને લગતી જાતો અને તેના ગુણધર્મો વિશે માહિતી પ્રદાન કરવામાં આવેલ હતી. ત્યારબાદ મુખ્ય અતિથિ વિશેષ ડૉ. બલજીત સિંઘ દ્વારા પણ શાકભાજી પાકોનું પ્રાકૃતિક ખેતી મોડયુલ પર સઘન ચર્ચા કરીને વિચારોની આપ લે કરવામાં આવેલ અને સ્થળ મુલાકાતના આ મોડયુલની અગત્યતા સમજાવી. ત્યાર બાદ મુલાકાતના અંતે શ્રી કે. જે. વેકરીયા દ્વારા મહાનુભાવોનો આભાર વ્યકત કરવામાં આવેલ હતો.





